# પતિ પાસે ઉઘરાણી કરવા આવેલા યુવાનને પત્નીએ માથે કુકર ઝીક્યું

## સેક્ટર-૨૨ જૈન દેરાસર નજીક ખાનગી રહેણાંક વિસ્તારમાં મોડી સાંજે બનેલી ઘટના : પરિવારજનોએ ભેગા થઈ યુવાનને ઝૂડી નાંખ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સે.૨૨ ખાનગી રહેણાંક વિસ્તારમાં મિત્રએ આપેલા રૂપિયાની ઉઘરાણી કરવા ગયેલા એક યુવાનના માથામાં મહિલાએ કુકર ફટકારી દીધું હતું. ઉશ્કેરાયેલા આ મામલામાં પૈસા ઉઘરાવવા આવેલા વચેટિયા મિત્રને પરિવારજનોએ ભેગા મળીને પીટી નાંખ્યો હતો. આ દરમ્યાન થયેલી ઝપાઝપીમાં યુવાનની સોનાની વીંટી અને દોરો પણ ગુમ થઈ ગયો હતો. આ સંદર્ભે સે.૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે તમામ પરિવારજનો સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

વાવોલ ગામના સંકલ્પ રેસીડેન્સી ખાતે રહેતા અંકિત જયંતીભાઈ પટેલે તેનો મોબાઈલ સે.૨૨ ખાતે રહેતા રોહિત પરમાર નામના મિત્રને વાપરવા આપ્યો હતો. ગઈ કાલે મોડી સાંજે અંકિત તેનો મોબાઈલ લેવા સે.૨૨ માં રોહિતના ઘરે ગયો હતો અને મોબાઈલ માંગ્યા બાદ તેના મિત્ર પાસેથી રોહિતે ઉછીના લીધેલા રૂ.૧ લાખની વાત નીકાળીને કહ્યું હતું કે ચેતન ઝીન્ઝુવાડીયાના રૂ.૧ લાખ કેમ આપતો નથી. આટલી વાત નીકળતા રોહિત ઉશ્કેરાઈ ગયો હતો અને બેઝબોલ કાઢીને અંકિતને ઝીકી દીધો હતો. ત્યાર બાદ રોહિતની પત્નીએ અંકિતના માથે છુટ્ટું કુકર મારી દીધું હતું. રોહિતના બે દીકરાઓએ પણ ગડદાપાટુનો માર મારવાનું શરુ કરી દીધું હતું. આ દરમ્યાન અંકિતનો સોનાનો દોરો અને વીંટી પણ પડી ગઈ હતી. અંકિતની ફરિયાદને આધારે સે.૨૧ પોલીસે આ ગુનો નોંધી ચારેય હુમલાખોરોની તપાસ શરુ કરી છે.

# કરાઈ કેનાલમાં ઝંપલાવી ૨૫ વર્ષીય યુવાનનો આપઘાત

## ખિસ્સામાંથી મળેલા લાયસન્સને આધારે નરોડાનો યુવાન હોવાનું પોલીસને જાણવા મળ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક કરાઈ નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલા કેનાલ સિક્યુરિટી ગાર્ડને આજે બપોરના અરસામાં કેનાલના પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા તેને ડભોડા પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મૃતકના ખિસ્સામાંથી મળેલા લાયસન્સણે આધારે આ યુવાન અમદાવાદ નરોડા વિસ્તારનો હોવાનું પોલીસને -નથમિક તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેના વાલીવારસ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર પાસેના કરાઈ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિક્યુરિટી ગાર્ડે આ મૃતદેહ અંગે પોલીસને જાણ કરતા ડભોડા પોલીસ મથકના જમાદાર અશોકભાઈ તેમની ટીમ સાથે કેનાલ પાસે પહોંચી ગયા હતા. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી ડ્રાઈવિંગ લાયસન્સ મળી આવ્યું હતું. આ મૃતદેહ અમદાવાદના નરોડા વિસ્તારના આશરે ૨૫ વર્ષીય યુવાન નો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. પોલીસે તેના વાલી વારસને જાણ કરીને બોલાવી લીધા છે. અકસ્માત મોતનો ગુનો નોંધી ડભોડા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# દીકરી સપ્તાહના ભાગરૂપે શહેરમાં દિકરી વહાલનો દરિયો કાર્યક્રમ યોજાયો

## જે.સી.આઈ. દ્વારા યોજવામાં આવેલ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રોતાગણ હિબકે ચઢ્યા

ગાંધીનગર, તા. ૨૪

કાળજા કેરો કટકો મારો ગાંઠથી છુટી ગયો, મમતા રૂવે જેમ વેણુમાં એ વિરડો ખુટી ગયો, કાળજા કેરો કટકો મારો... દીકરીની ગાથા



રજુ કરતો દીકરી વહાલનો દરિયો કાર્યક્રમ ટાઉનહોલ ગાંધીનગરમાં યોજાઈ ગયો.

ગાંધીનગરની જાણીતી સંસ્થા જે.સી.આઈ. દ્વારા સેક્ટર-૧૭માં



(તસવીર : કશ્યપ નિમાવત)

આવેલ ટાઉનહોલ ખાતે દીકરી વહાલનો દરિયો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાના હસ્તે દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો છે.

જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા દીકરી સપ્તાહ નિમિત્તે સમર્પણ ત્યાગનું પ્રતિક વ્હાલપની વિરડી સમો લોકસંસ્કૃતિનો કાર્યક્રમ ગાંધીનગરના આંગણે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં લોક ગાયક નરેશ પંચાલ, લોકગાયિકા રાગીણી પંચાલ અને સાહિત્યકાર સુખદેવ ગઢવીએ ઉપસ્થિત શ્રોતાઓને પોતાની વાણીથી રડાવી દીધા હતા.

સુખદેવ ગઢવીએ પોતાની આગવી શૈલીમાં દીકરીની ગાથા રજુ કરી હતી. તેમણે કહ્યું હતું કે દિકરાઓ વારસ છે, પરંતુ દીકરી એ પારસ છે, દિકરો તન છે તો દીકરી મન છે, દિકરો આગ છે તો દીકરી ભાગ છે, આ દુનિયા દસ રંગી છે ત્યારે દીકરી એક રંગી છે. દીકરી હંમેશ પોતાના માતા-પિતાની સેવા કરવા તત્પર હોય છે અને તેને ચિંતા પણ હોય છે.

ગીત સંગીત રેલાવતા કહ્યું હતું કે જે લોકોના ઘરે દીકરી નથી તેમણે સમાજના, કુટુંબના કે ગરીબની દીકરીનું કન્યાદાન કરવું જોઈએ. દીકરીનું કન્યાદાન કરવાથી ઘરમાં ખુશી આવે છે. દીકરી દ્વારા પોતાનું પિયર, મોસાળ અને સાસરી એમ ત્રણ કુળ તારે છે. દીકરીને જન્મ આપતા પહેલા કુખમાં જ મારી નાખતા લોકોને જણાવ્યું હતું કે કુટુંબને ઉજળુ બનાવવું હોય તો એક દીકરીને જન્મ આપજો. દીકરી એ સાપનો ભારો



નથી, પણ તુલસીનો ક્યારો છે.

ટાઉનહોલમાં સૌ કોઈ ઉપસ્થિત દીકરીઓ, વડીલો, માતાઓ આ સાંભળી હિબકે ચઢ્યા હતા અને હોલમાં જ ભાવુક દૃશ્યો સર્જાયા હતા. આ કાર્યક્રમમાં જે.સી.આઈ.ઝોન પ્રમુખ અશ્વિન ચંદારાણા, શહેર જે.સી.આઈ. પ્રમુખ સાત્વીક ત્રિવેદી, રાહુલ મહેતા, કેતન ભાવસાર, રૂચિતા શાહ, નિકુંજ શુકલા સહિતના સંસ્થાના કાર્યકરો અને મોટી સંખ્યામાં દીકરીઓ, માતા-પિતા અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.



નરેશ પંચાલ-માયા નરેશની સ્વર બેલડી તરીકે નામના મેળવનાર નરેશભાઈ તેમની ૧૭ વર્ષની નાની વયથી ગુજરાતના જાણીતા લોક ગાયક પ્રફુલ દવેને ગુરૂ બનાવી ગાયકીની શરૂઆત કરી છે. તેમણે ગુજરાત રાજ્યના તમામ લોક ગાયકો સાથે જોડી બનાવી છે. નરેશભાઈના પત્નિ માયાબેને ચાર વર્ષ અગાઉ સાથ છોડી સ્વર્ગની વાટે નીકળી ગયા છે. ત્યારથી આ ક્ષેત્રે તેમની પૂત્રવધુ દિપાલી ઉર્ફે રાગિણી પંચાલ અને પુત્ર કેતુલ, ભત્રીજો ભૈરવ, સાથ આપી રહ્યાછે. નરેશભાઈએ દીકરી વહાલનો દરીયો, જગની જગદંબા દીકરી અને દીકરીનું હાલરડુ જેવા ગાયનો મુખ્ય છે.

સુખદેવ ગઢવી ઉર્ફે નરેશકુમાર ભાલ કાઠીયાવાડના રામોદડીના વતની છે. તેમણે ૧૯૯૬ થી લોક સાહિત્યની શરૂઆત કરી છે. નારાયણ સ્વામી, પ્રફુલ્લ દવે, ભીખુદાન ગઢવી (ગાંધીનગર) યોગેશ ગઢવી સાથે કાર્યક્રમો કર્યા છે. કારકિર્દીની શરૂઆત ગાંધીનગર સ્થિત ભીખુદાન ગઢવી સાથે કરનાર સુખદેવભાઈએ સાહિત્યક્ષેત્રે ખુબજ યોગદાન આપતા રહ્યા છે. તેઓ કહે છે કે દીકરી એ એક રંગી હોય છે. જ્યારે આ દુનિયા દસરંગી છે. ત્યારે દુનિયાથી ચેતવુ જોઈએ પણ દીકરીથી નહિ. દીકરી ધંધો પણ સારી રીતે કરી જાણે છે. તેઓ કાગ બાપુનો દૂહો લલકારતા કહે છે કે,

એક રંગોને ઉજળા
જેને ભિતર નહિ દુજીભાત,
એવી વ્હાલી દલની વાત, કે જે તુ કાગ

# નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનતા બ્રહ્મસમાજ દ્વારા સંકલ્પ યજ્ઞનું આયોજન કરાયું

## સ્વામી વૈરાગ્યનંદગીરી મહારાજ દ્વારા અગાઉ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટે મિર્ચી યજ્ઞ કરાયો હતો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના બ્રહ્મમાજ દ્વારા નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન પદે આરુઢ થઈ રહ્યા છે તે અનુસંધાનમાં સે-૧૬ ખાતે આવેલ બ્રહ્મભવન ખાતે તા. ૨૫મી મે રવિવારે સવારે ૯ કલાકે સંકલ્પ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંકલ્પ યજ્ઞ બ્રહ્મ સમાજના ઉપાધ્યક્ષ અશ્વિન ત્રિવેદીના અધ્યક્ષપણા હેઠળ મિર્ચી યજ્ઞ સ્પેશ્યાલીસ્ટ સ્વામી વૈરાગ્યનંદગીરીજી દ્વારા યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ લોકસભાની ચૂંટણીઓ સમયે તા. ૯મી માર્ચે સ્વામી વૈરાગ્યનંદગીરીજી દ્વારા



બ્રહ્મભવન ખાતે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટ મિર્ચી યજ્ઞ યોજવામાં આવ્યો હતો અને આ યજ્ઞની ફલશ્રુતિ સ્વરૂપે ભાજપને બહમતી મળતા ફરીથી આજ સ્થળે આ સંકલ્પ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંકલ્પ યજ્ઞમાં આહુતિ આપવા બ્રહ્મસમાજના તમામ સભ્યો તેમજ નરેન્દ્ર મોદીના પ્રશંસકોને ઉપસ્થિત રહેવા બ્રહ્મસમાજના મંત્રી નરેશ દવે, મહિલા પ્રમુખ પ્રતિભાબેન દવે તથા યુવા પ્રમુખ કેતન વ્યાસ સહિત અગ્રણીઓએ જાહેર અપીલ કરી છે.




ગાંધીનગર સેકટર-૪, ૫ અને ૬ના સર્કલ ગ-૨ અને ગ-૩ પાસે અવારનવાર નાના મોટાં અકસ્માતો સર્જાતા હોય છે. ઘણીવાર વાહનચાલકોનો ભોગ રાહદારીઓને પણ નડતો રહે છે જેની જાણ પોલીસ વિભાગમાં થતી ન હોવાથી તે જાણ બહાર રહે છે. આથી આ વિસ્તારમાં વસતા આગેવાનો વતી શૌનક દવે, હિતેશ પટેલ, કેયુર પટેલ, મંગેશ મોહિતે શુક્રવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે સચિવાલય બ્લોક નં. ૧૧માં આવેલ પાટનગર યોજનાના અધિક્ષકને આવેદનપત્ર આપીને વાહન અવરોધકનું સત્વરે નિર્માણ કરવા રજૂઆત કરવામાં આવી હતી. પાટનગર યોજના વર્તુળના અધિક્ષક સી.પી પટેલે સત્વરે કાર્યવાહી કરવાની બાંહેધરી આપી હતી.

# શહેરમાં રખડતા શ્વાન માટે પાંજરાપોળની વ્યવસ્થા કરી સાર સંભાળ લેવી જોઈએ

## શહેરમાં વસતા સામાજિક અગ્રણી એમ.યુ. કાગદીએ કુતરાઓને થતા શરીર પરના ગભીર રોગ વિશે ચિંતા વ્યકત કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં રખડતા શ્વાન માટે જીવલેણ ખતરો ઉભો થયો છે. છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનના ગંભીર રોગના કારણે શરીર પરન વાળ ઉતરી રહ્યા છે. જેના કારણે શ્વાનને શરીર ખંજવાળવું પડી રહ્યુ છે. આ બિમારીના કારણે રાત્રે રખડતા કુતરાઓથી શહેરના રહીશોની ઉંઘ વેરણ થઈ જાય છે. આવા કુતરાઓની સારવાર કરવા શહેરના જાગ્રત નાગરિકે મનપાના કમિશનર અને પશુપાલન ખાતના ડોકટરને પણ પત્ર લખી ચિંતા વ્યકત કરી છે.

ગાંધીનગર શહેરમાં રહેતા જાગ્રત નાગરિક એમ.યુ. કાગદીએ નગરના રખડતા કુતરાઓ પ્રત્યે ચિંતા વ્યકત કરી છે. સ્વાભાવિક પણે પોતાના ઘરમાં પાળેલા પાલતુ શ્વાનને માલિક દ્વારા અલાયદી સુવિધા પુરી પાડવામાં આવે છે ત્યારે નગરમાં રખડતા શ્વાનના શરીરે ખરજવા થવાથી આ શ્વાનને પોતાના શરીર પર ચાંદા પડી જાય છે.

જેના કારણે આ અબોલ અને પ્રામાણિક પ્રાણીની પ્રજાતિ સામે પણ ખતરો ઉભો થયો છે. આવા ગંભીર રોગના કારણે રખડતા કુતરા મોતને ભેટી રહ્યા છે. જે ગંભીર બાબત છે. તેમજ ચેપી રોગના કારણે મનુષ્યને પણ ચેપ લાગવાનો ભય રહેલો છે.જયારે માદાએ ગર્ભ ધારણ કરેલ હોય ત્યારે તે ચેપી રોગ તેના ગલુડીયાને પણ લાગવાથી આવા ગલુડીયા જીવની શરૂઆત કરતા પહેલા જ આંખ બંધ થઈ જાય છે.

ત્યારે એમ.યુ. કાગદીએ ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર અને જિલ્લા પંચાયત ગાંધીનગરના પશુપાલન શાખાને પત્ર લખી જાણ કરી છે. તેમણે કમિશનરને પત્ર લખી જણાવ્યું છે કે રખડતા કુતરાઓ માટે ખસીકરણનો પ્રોજેકટ તાત્કાલીક ધોરણે અમલમાં લાવવો જોઈએ તેમજ પાંજરાપોળની વ્યવસ્થા કરવી જોઈએ. સાથે સાથે શહેરમાં રખડતા કુતરાઓને બચાવવા માટે જિલ્લા પંચાયત પશુપાલન ખાતાએ પણ અભિયાન હાથ ધરવું જોઈએ.

# પ્રજાપતિ સમાજની વેબસાઈટ માટે માણસામાં પ્રતિનિધિ નિમાયા

માણસા, તા.૨૪

અમદાવાદના સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા સમગ્ર ગુજરાત રાજયના પ્રજાપતિ સમાજના પરિવારોને વિશ્વ ફલક પર પ્રજાન્મુખ કરવાના શુભઆશયથી એક અત્યાધુનિક વેબસાઈટ તૈયાર કરવામાં આવી રહી છે. આ વેબસાઈટ પર માહિતી માટેના આવેદનપત્ર ફોર્મ મેળવવા માણસા શહેર અને તાલુકા માટે રાકેશ પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી છે.

આ વેબસાઈટ દ્વારા ગુજરાતભરના તમામ પ્રજાપતિ કુંભાર બાઈ-બહેનો એકબીજાના સંપર્કમાં જીવંત રહી શકે અને ગુજરાત પ્રજાપતિ પરિવારોની વસતી ગણતરી પણ થઈ શકે તે ઉદ્દેશથી ગુજરાતભરના તમામ ગોળ-સમાજ-સંગઠનના પરિવારોની કૌટુંબિક, સામાજિક, વ્યવસાયિક, શૈક્ષણિક, વૈવાહિક તેમજ શારીરિક માહિતી મંગાવવામાં આવી છે. આગામી દિવસમાં દરેક પરિવારજનો-સ્નેહીજનો એકબીજાનો પરિચય કેળવે, કારકિર્દી માર્ગદર્શન પ્રાપ્ત કરે, અનેકવિધ તહેવાર, પ્રસંગ ઉત્સવની સામુહિક ઉજવણી કરી શકે, નોકરી વ્યવસાયમાં સહાયરૂપ થઈ શકાય, સમાજ ઉત્કર્ષ, વિકાસ-પ્રસાર વગેરેમાં દરેક પરિવારનું પ્રત્યક્ષ યોગદાન-સહકાર સહયોગ મળી રહે અને એકતા સંગઠન મજબૂત બની રહે તેવા આશયથી સદર મોજણી હાથ ધરાઈ છે.

માણસા તાલુકા અને શહેરમાં સમાવિષ્ટ તમામ પ્રજાપતિ ગોળ-સમાજ-પરિવારોએ માહિતી માટેના આવેદન પત્રક ફોર્મ મેળવવા માણસા ખાતે સ્વયંસેવક પ્રતિનિધિ તરીકે કચરાજનગર સોસાયટીમાં ૯૬ નંબરના મકાનમાં રહેતા રોહિત પ્રજાપતિ 'રાહી'ની નિમણુંક કરી હોઈ તેમનો સંપર્ક કરવા જણાવાયું છે. તમામ આવેદનપત્રકો વિના મૂલ્યે અહીં ઉપલબ્ધ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૭ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)
: સ્ક્રીન-૨ :
કૌચયયાન ૩-ડી: ૧૨.૩૦
એક્સ મેન : ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૩-ડી ગોડજીલા : ૫.૧૫
: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન ૨-ડી (હિન્દી): ૩.૩૦, ૫.૪૫, ૧૦.૧૫
કૌચયયાન ૨-ડી (તમિલ) : ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન : ૩.૩૦
હીરોપંતી : ૬.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫,૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કોચયયાન ૩ડી (હિન્દી):૯.૩૦,૩.૦૦,૫.૩૦,૧૦.૫૫
ગોડજીલા (૩-ડી) : ૧૨.૦૦
એક્સ-મેન : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૧૦, ૬.૧૫, ૯.૨૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
કૌચદયાન : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫,૧૦.૧૫
કૌચદયાન : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
કૌચયયાન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હીરોપંતી : ૭.૩૦

## આપની આજ

**મેષ** : નિર્ણય લેવામાં દુવિધા થશે, જેથી કાર્યની ગતિ પ્રભાવિત થશે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શક્યતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કન્યા** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં પણ કમી આવવાની શકયતાઓ છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન બાલાશંકર જોશી (ઉ.વ. ૮૨) બ્લોક નં. ૧૬૧૧/૨, સેક્ટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ભરતસિંહ અમરસિંહ બિહોલા (ઉ.વ. ૪૮) મુ.પો. પિંડારડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શકરીબેન મફતલાલ સોલંકી (ઉ.વ. ૬૯) બ્લોક નં. ૪૯૩/૨, જ-ટાઈપ, સેકટર-૬, ગાંધીનગર.
- સ્વ. વિઠ્ઠલભાઈ ગોવિંદભાઈ નાવડીયા (ઉ.વ. ૭૮) બ્લોક નં. ૧૦૮/૩, છ-ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. અરવિંદભાઈ પ્રહલાદભાઈ (ઉ.વ. ૬૫) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.